શ્રી દક્ષિણામૂર્તિ બાળસાહિત્ય

**ચાલો પ્રવાસે ગ્રંથમાળા**

- બાળપ્રવાસો
- ગુજરાત–મહારાષ્ટ્ર
- દાદા દર્શને
- ગિરિ શિખરો
- આફ્રિકા સાંભર્યું
- ફરવા જઈએ
- રોજનીશી
- ખળાવાડ અને

**આવા અન્ય રસ ભરપૂર**
**નીચેના સેટો પણ વસાવો**

- હાસ્ય વિનોદ ગ્રંથમાળા
- ગાતી ગ્રંથમાળા
- અવલોકન ગ્રંથમાળા
- રમ્યકથા ગ્રંથમાળા
- કથાનાટ્ય ગ્રંથમાળા
- પશુપક્ષી ગ્રંથમાળા
- જીવનચરિત્ર ગ્રંથમાળા
- જ્ઞાનવર્ધક ગ્રંથમાળા
- પાઠપોથી ગ્રંથમાળા

સેટનું મૂલ્ય રૂ. ૧૬–૦૦


આર. આર. શેઠની કંપની
મુંબઈ–૨ □ અમદાવાદ–૧





શ્રી દક્ષિણામૂર્તિ બાળસાહિત્ય

# ચાલો પ્રવાસે

## ગ્રંથમાળા


સંપાદકો : ગિજુભાઈ
અને તારાબેન


# ફરવા જઈએ



શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્ય

સંપાદકો : શ્રી ગિજુભાઈ અને તારાબહેન

## ચાલો પ્રવાસે ગ્રંથમાળા

•

# ફરવા જઈએ

: લેખક :

ગિજુભાઈ

આર. આર. શેઠની કંપની
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨ : ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

પ્રકાશક
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠની કંપની
મુંબઈ-૪૦૦ ૦૦૨
અમદાવાદ-૩૮૦ ૦૦૧

© પ્રકાશકના

પુનઃ સંપાદિત
પુનર્મુદ્રણ
જાન્યુઆરી ૧૯૮૨

પ્રત : ૧૧૫૦

સેટનું મૂલ્ય રૂ. ૧૬-૦૦
[ આઠ પુસ્તકો ]

મુદ્રક
જુગલદાસ સી. મહેતા
પ્રવીણ પ્રિન્ટરી
ભગતવાડી
સોનગઢ ૩૬૪૨૫૦

# તખ્તેશ્વર

બા! આજે અમે તખ્તેશ્વર ગયાં હતાં. અમારા બાલમંદિરમાં બહુ મજા. પાંચસાત દિવસ થાય ને મનુભાઈ તખ્તેશ્વર લઈ જાય. કહેશે: 'ચાલો, જેને તખ્તેશ્વર જવું હોય એ હાથ ઊંચા કરો.'

તખ્તેશ્વર જવું કોને ન ગમે? શંકરનાં દર્શન થાય, વડ ઉપર હીંચકા ખવાય અને આરસની ઓશરીમાં લપસ્યા જ કરાય.

મનુભાઈ કહેશે: 'જેને આવવું હોય તે ખૂણે પીપર નીચે ઊભાં રહે.' અમે તો દોડતાં દોડતાં પીપર નીચે પહોંચી જઈએ. ત્યાં તો મનુભાઈ આવે. અમારી ગણતરી કરે. કહેશે: 'હારબંધ ઊભાં રહો. હું તમને ગણી લઉં.'

શું કામ મફતના ગણુતા હશે? ત્યાં ક્યાં ખોવાઈ જવાનાં હતાં? મનુભાઈને મારે પૂછવું છે કે શું કામ અમને ગણો છો?

બા કહે: 'એમાં પૂછવું'તું શું? છોકરાં ખોવાઈ જાય તો પછી ક્યાંથી કાઢે? તમે બધાં કૂદાકૂદ કરતાં દોડયા જાઓ, તે મનુભાઈને નજર રાખવી જ જોઈએ ના?'

પછી તો બા, અમે બધાં તખ્તેશ્વર જઈએ ને મનુભાઈ અમને કહે: 'જાઓ, જેને વડે ચડવું હોય તે ચડજો. પગથિયાં પર દોડવું હોય તે દોડજો ને આરસ પર લપસવું હોય તે લપસજો.'

કહેશે: 'એલા બોર ખાજો પણ કાંટા લાગવા દેશો મા.' પણ બા! કાંટા વાગ્યા વિના કાંઈ બોર ખવાય? બોરડીના કાંટા લાગે જ ને! વાંકોચૂંકો આમ હાથ કરીને નાખીએ તો ય એકાદ બે વાગી જાય.

બા કહે: 'મનુભાઈ તો કહે જ. સૌની સંભાળ તો રાખે ને? પછી તમે શું કરો?'

પછી કુસુમબેન ને સુશીલાબેન તો વડ ઉપર ચડે. ઝટઝટ પગલાં મૂકીને ચડી જાય; વાંદરા જેમ એક ડાળીએથી બીજી ડાળીએ જાય.



મનુભાઈ કહેશે: 'ડાળી મજબૂત પકડજો. પડો તો રોશો નહિ. એન્ઝોઈન ઘણું બધું છે.' મને તો કોઈક ચડાવે તો માંડ ચડી શકું. વડનું જાડું થડ મારી બાથમાં ય ન આવે. આપણે તો બા! ઉપર ચડીને એક ડાળીએ બેસીએ. પડીને ઘેર આવું તો તું વઢે ને, એટલે.

બા કહે: 'તે વળી વઢીએ તો ખરાં જ ને? ત્યાં કાંઈ પડવા થોડા જ મોકલું છું?'

'પણ પડું ને તને ન કહું તો?'

'ન કહે તો તું જાણ. તને લાગશે.'

'ઠીક હવે, મારી વાત તો સાંભળ. વડ ઉપર બેસીને અમે તો ગાયન ગાઈએ, ને પ્રાર્થના કરીએ ને કોઈક દિવસ વળી કાગડા ને કોયલેય બોલાવીએ. ગઈ કાલે તો એવો પવન નીકળ્યો'તો, જાણે વડ ઊડી જશે! અમે તો કચકચાવીને ડાળીઓ પકડી રાખીએ ને મનુભાઈને રાડો પાડીએ.'

મનુભાઈ કહેશે: 'હમણાં પવન જતો રહેશે. ફિકર નહિ.'

'વડનાં કૂણાંકૂણાં પાંદડાં તોડવાની ભારે મજા. ટેટાનાં ખિસ્સાં ભરીએ. કાલે નહોતી લાવી

હું નાની બેન સારુ એક ખિસ્સું ભરીને ટેટા?'

'એમ તો તું ડાહી છો ને!'

'બા! નાનાં છોકરાં તો વડે ન ચડી શકે હો! અમે ઉપરથી ટેટા ને પાંદડાં નાખીએ. વડલા પાસે એક થાંભલો છે. થાંભલા ઉપર ધજા છે. પગથિયાંથી ઠેઠ ઉપર જવાય. મૂળજી ને ભગવાનલાલ પગથિયાં ઉપર ચડીને ઠેઠ પહોંચે. બા! આપણાથી તો ન ચડાય. એક કુસુમબેન ચડી જાય. કાછડો વાળીને એ તો એવાં ચડી જાય કે ઘડીકમાં ઉપર જઈને સાદ પાડે! એ તો એટલે ઊંચે ચડે કે હેઠે પડે તો હાથપગ ભાંગે.'

બા કહેશે: 'તું ચડીશ મા. હાથપગ કાંઈ વધારાના નથી. એ કુસુમબેન ભલે ચડે; એના બાપા દાક્તર છે. આપણે એનો વાદ ન થાય.'

'બા! તું યે કોઈક દિવસ તખ્તેશ્વર આવતી હો તો! જોવા જેવું છે. પોઠિયા કાંઈ રૂપાળો છે! અમે તો પોઠિયો ઉપર હાથ ફેરવીએ ને જોઈએ. મોઢે ને કાને ને પૂંછડે; બધે ય હાથ ફેરવીએ. પોઠિયો બહુ સારો છે. હો! ને બા! આરસની ઓશરીમાં અમે તો એવાં લપસીએ કે બસ!'



"ગિજુભાઈ હોય તો એની બબલીને ને ટીકુને બે પગે પકડીને આરસ ઉપર ઢસરડે. ટીકુબબલી કાંઈ હસે, કાંઈ હસે! ને આરસ ઉપર પેટ 'ચું ચું' બોલે. બબલી કહેશે: 'ફરીવાર કરો.' ટીકુ તો આમ કાચબા જેમ હાથ રાખે ને આરસ ઉપર પડી રહે. અમે બધાં એમ તો પડ્યાં જ રહીએ. ફગફગ પવન આવે એટલે બહુ મજા આવે.'

'ત્યાં તો, બા! રૂપાળાં કોતરેલાં ફૂલ છે. અમે તો બધું હાથ લગાડીને જોઈએ. રૂપાનાં બારણાંમાં ય તે કોતરેલું છે. એમાં માણસો ય કોતરેલાં છે! અંદર ગોળ ને ચોરસ ને એવી એવી આકૃતિઓ આવે છે. મનુભાઈ કહે કે મંદિરની અંદર ન જવાય. એટલે અમે તો બહારથી પગે લાગીએ ને રમીએ. કોઈકવાર ત્યાં બેઠાંબેઠાં પ્રાર્થના કરીએ.'

બા કહે: 'લે હવે તારી વાત તો લાંબી બહુ થઈ; હવે કાલે કહેજે. મારે કામ છે.'

'લે ત્યારે કાલ કહીશ. પણ કાલે સાંભળવી પડશે, હો! હજી તો રંગોળીના પથરાની, ને ત્યાં નાસ્તો કરીએ છીએ એની, ને ત્યાં રમત રમીએ

છીએ એની, ને એવી એવી વાતો છે.'

બા કહે : 'ભલે, કાલે જરૂર સાંભળીશ. આ બાલમંદિરવાળાં વાતો કરાવ્યે બહુ ડાહ્યાં! લે આ સંજવારી વાળી નાખ.'

'તે હું ક્યાં ના પાડું છું ?'

★

# ગધેડિયું ખેતર

પહેલાં તો ક્યાંક ઢેફાં તો ક્યાંક ધૂળના ધફા; ક્યાંક કાંકરીવાળી જમીન, ને જ્યાં ત્યાં કાંટા ને એવું હતું. એક ઝાડે નહોતું ને એક ઝાંખરું યે નહોતું. મોટું મેદાન જેવું પડયું'તું.

વરસાદ વરસ્યો ને આઠ દિવસ થઈ ગયા. બધે પાણી પાણી થઈ રહ્યું. વરાપ થયો. તડકો પડવા લાગ્યો. ઝીણુંઝીણું ખડ ઊગી નીકળ્યું. ચારેકોર લીલુંલીલું છમ ! જાણે લીલો ગાલીચો પાથર્યો.

લીલુબેન કહે : 'ગિજુભાઈ! આજ તો ગધેડિયા ખેતરે ચાલો ને ચાલો. બહુ સરસ

---

વરાપ = વરસાદ આવી ગયા પછીનો ઉઘાડ

દેખાવ થયો છે!'

ગિજુભાઈ કહે : 'ચાલો ત્યારે, થઈ જાઓ તૈયાર.'

મોઢા આગળ ગિજુભાઈ ને વાંસે બાલમંદિરનાં બાળકો : ઊપડ્યાં. મોટાં મોટાં તો રપેટી કાઢીને દોડ્યાં; થઈ ગયાં ગિજુભાઈની આગળ. નાનાં નાનાં વાંસે રહ્યાં.

ગધેડિયું ખેતર સાવ પાસે; બાલમંદિરના ફળિયામાં. બધાં ય છોકરાં જોવા નીકળેલાં.

હરભાઈ કહે : 'એ, બધાં ક્યાં ચાલ્યાં?'

'ગધેડિયે ખેતર.'

'ત્યાં શું છે?'

'ફરવા જઈએ છીએ.'

'ઠીક ઠીક, જાઓ, નાનીબેન સાથે આવે છે કે?'

'એ પણે રસીલાની સાથે આવે.'

લીલી ધરતી હતી; ઠંડો પવન વાતો હતો; કૂણો કૂણો તડકો હતો.

રપેટી=લાંબી દોટ



ગિજુભાઈ એક ઠેકાણે બેસી ગયા ને કહે : 'જાઓ એલાં, જ્યાં ફરવું હોય ત્યાં ફરો ને રમવું હોય ત્યાં રમો. જે કરવું હોય તે કરો.'

પણ ગિજુભાઈના કહેવાની વાટ ક્યાં હતી! લીલું ખડ જોઈને છોકરાં તો ક્યારનાં ય ગાંડાં થઈ રહ્યાં હતાં.

કોઈ ખડમાં ગલોટિયાં મારતાં હતાં, કોઈ કૂદાકૂદ કરતાં હતાં, તો કોઈકે દોડમદોડ કરી મૂકી હતી.

કેટલાય દિવસે ખડ ભાળ્યું હતું! કેટલાય દિવસે આવું લીલું મેદાન મળેલું. મૂળજી ને ભગવાનલાલ તો ક્યાંઈના ક્યાંઈ ઊપડી ગયા. દૂર જઈને સાદ પાડ્યો : 'ગિજુભાઈ! અહીં આવો, અહીં આવો; કાંઈક જોવાનું છે.'

'ત્યાં વળી શું હશે? ચાલો, જોઈએ તો ખરા!'

'ગિજુભાઈ! જુઓ તો, આ દેડકાં કેવાં કૂદાકૂદ કરે છે!'

ત્યાં તો વિમળાબેનને કાંટો વાગ્યો ને કહે : 'એ ગિજુભાઈ! કાંટો કાઢો.'

ચંપાબેને દોડીને કાંટો કાઢયો.

વિમળાબેન કહે : 'આપણે હવે નથી ફરવું. આપણે તો ગિજુભાઈ સાથે બેસશું. પેલા ઝાડ નીચે.'

ત્યાં તો ગિજુભાઈ આવ્યા.

'શાંતાબેન, નાનીબેન, રમાબેન! એલા સૌ કૂંડાળું વાળીને શું કરો છો?'

'એ તો અમે ઝીણાં ઝીણાં ખડનાં ફૂલ વીણીએ છીએ. જુઓ ને આ કેવા ઝીણાં ઝીણાં છે! આ જાંબલી ફૂલને તો આમ ઝીણી આંખે કરીને ગોતવાં પડે છે, આ રાતાં ફૂલ ઝટ હાથ આવે છે.'

'આ હાથમાં શું લીધું?'

'એ તો એક નવી જાતનું ખડ લીધું છે. બાલમંદિરમાં શણગાર કરવા લઈ જાઉં છું.'

'એમ?'

'હાસ્તો.'

'એલા આ ગારાવાળા પગ ક્યાં કર્યા?'

'ગિજુભાઈ! એ તો અમે પણે ચાલવા



ગયાં હતાં. અમે જાણ્યું કે આ લીલા ખડ નીચે કાંઈ નહિ હોય; પણ પગ મૂક્યો ત્યાં તો આટલે ખૂતી ગયાં!'

'ઠીક; જાઓ ત્યારે આ સાહેબના બૂટને ધોઈ નાખો. પેલું ખાબોચિયું ભર્યું છે ત્યાં.'

'લ્યો ગિજુભાઈ! જુઓ આ નવી જાતનાં પાંદડાં.'

'ગિજુભાઈ! આ હું કાંઈક લાવી છું. આ શું છે? કાંઈક કાંટા કાંટા જેવું છે.'

'ઓહો, આ તો ગોખરુ છે. સુકાઈ જાય ત્યારે પગમાં પેસી જાય.'

'કહો ત્યારે, આ હું શું લાવી છું?'

'ઊભા રહો. જરા જોવા દ્યો. પાંદડાં તો ઝીણાં છે; આ તો બહુફળી."

'ગિજુભાઈ! આ મારાં ફૂલ સાચવો ને? પણે ઊંધીફૂલીના ઢગલા થયા છે. બહુ સરસ છે, ખરું?'

'છે સ્તો. અરે ભાઈ, તમે શું લાવ્યા?'

'એ તો પેલા પાણીના ખાડામાંથી ચિયા

ખેંચ્યા છે. મારે એનો એક ચાબખો બનાવવો છે.'

ગિજુભાઈએ સીટી મારી. બધાં બાળકો ભેળાં થઈ ગયાં. બાલમંદિર ભણી ચાલ્યાં. ગધેડિયા ખેતરની મુસાફરી પૂરી થઈ.

★

# પીલ ગાર્ડન

ભાઈ! પીલ ગાર્ડન જોવા જેવો છે. અમે તો અઠવાડિયે અઠવાડિયે જઈએ ને સવારથી તે બપોર સુધી ત્યાં રહીએ. સવારના સાત વાગે ત્યાં તો બાલમંદિરની ગાડી આવી જાય ને મહીંથી બધાં ઊતરી પડે. સૌના હાથમાં ભાતાનાં પોટકાં હોય ને ગળે રૂમાલ બાંધ્યા હોય.

અમારી બધાંની ટુકડીઓ પડી જાય. એકનું નામ મનુભાઈ ટુકડી; બીજીનું નામ ભાઈચંદ ટુકડી ને ત્રીજી ટુકડીનું નામ નર્મદાબેન ટુકડી.

ત્રણે ટુકડીઓ છૂટી પડી જાય ને બાગ જોવા નીકળી પડે. એક ટુકડી સિંહ ને વાંદરા

ગાર્ડન=બગીચો

તરફ જાય, બીજી ટુકડી વાવ તરફ જાય ને ત્રીજી ટુકડી ફુવારા તરફ જાય.

ખરેખર, પીલ ગાર્ડનમાં વાંદરાં ને સિંહ જોવાની ભારે મજા ! એક પાંજરામાં રાતા મોઢા-વાળો વાંદરો છે; એ એવો તો ખિજાય છે કે બસ ! એક કાંકરી મારો ત્યાં ' કચ કચ ' દાંતિયાં કરે; પાંજરામાં કૂદાકૂદ કરી મૂકે; ખૂબ ખીજે બળે. ભાઈશા'બ ખિજાય એટલે બધાં એને ખીજવે. પછી તો અમે ય એને ખીજવીએ.

પણ એક બીજું વાંદરું બહુ સારું છે. જે નાખીએ તે ઝીલી લે ને આમ લાંબો હાથ કરી આપણી પાસે માગે. ફૂલ નાખીએ તો ફૂલ ખાઈ જાય; શિંગ નાખીએ તો તો ખાઈ જ જાય, ને કાંઈ ન આપીએ એટલે સાવ લમણે હાથ દઈને બેસે. અમે તો વાંદરાં આગળ ઊભાં જ રહીએ. ઝાડ ઉપર હોય તો એક ડાળેથી બીજી ડાળે ને બીજી ડાળેથી ત્રીજી ડાળે કૂદે, પણ પાંજરામાં ક્યાં જાય ? ઘડીક સળિયા ઉપર ને ઘડીક હેઠે એમ કર્યા જ કરે. પાંજરાને મોટાં મોટાં તાળાં મારેલાં. પેશાબ પણ ત્યાં



ને ખાવું ય ત્યાં. સવારે ભંગી આવીને સાફ કરે ત્યારે સાફ થાય.

ત્યાં એક શાહુડીનું પાંજરું છે. બાગવાળા એને ' શેઢાડી ' કહે છે. પાજરામાં જરા સાંઠીકું નાખીએ ત્યાં ' હુઉઉ ' કરતી ખિજાય ને એનાં ભાલા જેવાં શીહોળિયાં ( પીછાં ) ઊભાં કરે ને સામે દોડે. પણ ત્યાં તો પાંજરાના સળિયા આડા આવે એટલે થઈ રહ્યું ! મનુભાઈ કે ભાઇચંદભાઈ સાથે હોય તો કહે : ' આપણે એને શું કામ ખીજવીએ ? '

સામી બાજુએ સિંહ ને વાઘનાં પાંજરાં છે. ચટ્ટાપટ્ટાવાળો વાઘ ને ટપકાં ટપકાંવાળો ચિત્તો. પાતળી એવી કેડ, લાંબું પૂંછડું ને ધોળી ધોળી મૂછોવાળો ચિત્તો પાંજરામાં આંટા માર્યા જ કરે ! આ બાજુ સિંહભાઈ તો લાંબા થઈને સૂતા હોય; આંખ ઉઘાડતા જાય ને કોણ આવ્યું છે એ જોતા જાય. એની પીળી કેશવાળી તો ઠેઠ જમીન સુધી અડે; ને મોટું બધું કાંઈ માથું ! ભાઈશા'બ ઊભા થઈ ત્રાડ પાડે તો તો બીઈ જવાય, હો ! ચાલે ત્યારે જાણે મોટા રાજા ચાલ્યો. ધીમે ધીમે ચાલ્યો જાય.

બધાં પાંજરાંમાં માંસ પડેલું હોય. એવું ગંધાય! સિંહને ને વાઘને જોવા ન હોય તો તો ત્યાં ઊભું ય કોણ રહે? અને કોઈ ન ખીજવે; ને એ ખિજાય પણ નહિ. એ કાંઈ વાંદરાં છે તે ખિજાય?

ત્યાંથી ચાલીએ તે સસલાંનાં પાંજરાં આગળ આવીએ. એ તો નાક ચડાવતાં જાય, 'સૂં સૂં' કરતાં જાય. આંખો પટપટાવતાં જાય, ને ધરો ખાતાં જાય. 'સિત્' કરીએ ત્યાં તો બધાં બખોલમાં પેસી જાય. ધોળી ધોળી ચામડી, લાલ લાલ નાક, નાની એવી પૂંછડી. સસલાં જોવાની ભારે મજા! પણ ગંધાય બહુ. કારણ બધું અંદર જ થાય: હંગવું ને મૂતરવું, ખાવું ને પીવું. બહાર કાઢે તો ભાગી જાય ને? અમે તો ત્યાંથી કેમે ખસીએ નહિ. ભાઈચંદભાઈ પાંચ-દસ સીટી મારે ત્યારે માંડ ચાલીએ, તે ફુવારા પાસે આવીએ.

ફુવારો ઊડતો હોય તો તો પાણીની સેરો નીચે ફૂદકો જ મારીએ. નહિ તો કૂંડીમાં પડીએ ને અંદર રમત કરીએ. વાળીચોળીને સાફ કરીએ



ને અંદર નિરાંતે બેસીએ. પાણી હોય તો પગ બોળીને સામસામાં પાણી ઉડાડીએ. બહુ મજા પડે!

ત્યાંથી આવે કબૂતરખાનું. ઘણાં બધાં કબૂતર. બધાં ધોળાં ધોળાં ફૂલ જેવાં. અંદર બધાં ખાતાં હોય. કોઈક તો ડોક ઊંચી કરીને આમ રોફબંધ ચાલે; કોઈક તો ગળું ફુલાવીને 'ઑઉફ' કરે. 'સિત્' કરીએ ત્યાં બધાં ફરરર કરતાં ઊડે ને ભાગાભાગ થઈ પડે. પણ બધાં પાંજરામાં એટલે જાય ક્યાં? જાળી સાથે ભટકાય ને પાછાં હેઠે ઊતરી જાય. તો યે કબૂતરને રહેવાનું સારું છે. લાકડાનું મોટું એવું કબૂતરખાનું બનાવ્યું છે. તેમાં ખાનાંખાનાં છે. એક એક ખાનું એક એક કબૂતરનું ઘર. એમાં કબૂતર ઈંડાં મૂકે. બચ્ચાં થાય અને 'ચીં ચીં' કરે. અમે ગયાં હતાં ત્યારે અંદર કોઈ કોઈ ખાનામાં ઈંડાં હતાં ને કોઈમાં બચ્ચાં હતાં. નાનાં બચ્ચાંને એની મા દાણા લાવી ખવરાવે. બચ્ચું આમ લાલ લાલ ચાંચ ઉઘાડે ને મા એમાં દાણા મૂકી દે.

ત્યાંથી અમે પોપટના પાંજરા તરફ જઈએ. રસ્તામાં બીજી ટુકડી સામી મળે, ત્રીજી ટુકડી

ય ભેળી થાય. ગમ્મતમાં ને ગમ્મતમાં અમે બધાંને 'જે જે' કરીએ.

પોપટના પાંજરામાં તો કાંઈ જ ન મળે. એકલો એક પોપટ ને એક ચકલી ને એક કોયલ. લોકો કહે છે કે પહેલાં એમાં કાકાકૌવો હતો, તે ભારે બોલતો. ત્યાં તો કાંઈ ઊભાં ન રહીએ. પોપટ તો ઘણા જોયા છે; ને કાગડા જેવી કાળી કોયલ. સસલાં જોવા જેવી કાંઈ એમાં મજા ન પડે.

પછી અમે મગરના કુંડ પાસે આવીએ. ત્યાં તો બરાબર ભાઈચિંદભાઈ ખડા હોય. એક પછી એક ચડવા દે ને મગર બતાવે. કોઈ અંદર પડી જાય તો મગર ખાઈ જ જાય ને? મગર પથરા ઉપર પડી હોય; હલે કે ચલે. પથરા જેવો પથરો.

જાડુંજાડું ચામડું દેખાય ને અડધી પૂંછડી બહાર હોય. ભીંગડાં દેખાય; મોઢું ઉઘાડું હોય તો તો કેટલા બધા દાંત દેખાય! કાંકરો મારો તો ય મગર હલે ચલે નહિ. એને કાંકરો વાગે ય ક્યાં? મગર કોઈ ઝાઝો વખત જોવા દે ત્યારે



ના! ઝટઝટ દેખાડીને નીચે ઉતારે. પછી ખાવાની ને ઘેર જવાની ઉતાવળ હોય; તડકો થયો હોય ને અલ્લીભાઈની ગાડીઓ યે આવી હોય. ફૂવા પાસે ટુકડીઓ ભેગી થાય, ભાતું ખાય. પાણી પીએ ને પછી ગાડીઓમાં બેસીને ઘર તરફ ઊપડી જાય.

☆

# બોડતળાવ

'અલ્યા, ગઈ કાલે તમે બોડતળાવ ગયા હતા ?'

'હા સ્તો. હવે તો અમને વારે વારે બોડ-તળાવ લઈ જશે. ચોમાસું આવે એટલે અમારું બોડતળાવ ફરવા જવાનું ચાલે.'

'કહે છે કે તળાવ માથા સુધી ભરાઈ ગયું છે; એ સાચી વાત છે ?'

'હા, હા. તળાવમાં પાણી એટલું બધું આવ્યું છે કે આખા બંધ ઉપર થઈને વહ્યું જાય છે. ધડધડ જાણે મોટો ધોધ પડતો હોય એવું દેખાય છે. ને બંધ ઉપર થઈને તળાવ પાછળ પેલો મોટો ચાલવાનો રસ્તો છે ને, એના ઉપર પડે છે; ત્યાંથી વળી પાછું નીચલા



કુંડમાં પડે છે. આમ નળિયામાંથી ધાર પડે એમ નહિ; ધોધ જેમ એક જ ઠેકાણેથી નહિ; પણ આખી કોર ઉપરથી પડે છે! અમે તો આંકડા બીડીને વચલા રસ્તા ઉપર બધાં સાથે ચાલીએ એટલે બધા ય પગનું પાણી એક સાથે મોઢા આગળ ઊડતું જાય ને આગળ ફુવારા જેવું થતું જાય.'

'ત્યારે તો ભારે મજા આવી હશે ?'

'અરે, એથી યે વધારે મજા તો અમને ઝૂલતા પુલ ઉપર આવી હતી.'

'પણ બધા કહે છે કે ઝૂલતા પુલ ઉપર પાણી આવી ગયું છે. તમે એના ઉપર શી રીતે ચાલ્યા'તા ?'

'ખરી વાત છે; ઝૂલતા પુલ ઉપર તો ગિજુભાઈના સાથળ સુધી પાણી હતું. પણ અમે તો બધાં ઠેઠ સામે કાંઠે જઈ આવ્યાં હતાં. પુલને એક છેડે મનુભાઈ રહ્યા : બીજે છેડે ભાઈચંદભાઈ રહ્યા; વચ્ચે ગિજુભાઈ ને બાટકભાઈ, વજુભાઈ ને ભોગીભાઈ રહ્યા. કાછડા વાળીને પછી અમને એક એકને હાથ પકડી પાણીમાં નાખ્યાં. ભાઈચંદભાઈ

હાથ ઝાલીને બાટકભાઈને આપી આવે; બાટકભાઈ હાથ ઝાલીને ગિજુભાઈને આપી આવે; ગિજુભાઈ ભોગીભાઈને, ભોગીભાઈ વજુભાઈને ને વજુભાઈ મનુભાઈને પહોંચાડે. ઠેઠ સામે કાંઠે પહોંચાડે. અમારા તો ગળા સુધી પાણી થઈ જાય; લૂગડાં-બૂગડાં બધાં પલળી જાય!'

ઇંદુબેન ને વિમળાબેનના અંબોડા પલળી ગયા. મનહરબેન ટીચકુડાં તે એની દાઢી બધી પાણી પાણી થઈ ગઈ! નાનકાં પદ્માબેન તો વળી કહે : 'મને મારી મેળાએ જ ચાલવા દ્યો.' પદ્માબેન તો હાથી જેવાં. પાણીમાંથી કેમે બહાર નીકળે જ નહિ! કહે : 'મારે સામે કાંઠે નથી જવું.' ચારે કોર પાણી પાણી, ને વચ્ચે અમે. પુલ તો દેખાય નહિ, કોઈને લાગે કે આ બધાં પાણીમાં અધ્ધર શી રીતે ઊભાં હશે! જમનાબેનની ભારે ગમ્મત થઈ. પાણીમાં તો આવ્યાં પણ પછી રાડારાડ નાખે. 'એ બૂડી જઈશ; મને પાછી લઈ જાઓ! મારે પાણીમાં નથી આવવું!' ગિજુભાઈ કહે : 'અરે બીઓ છો શું?'

ગિજુભાઈ એમ ને એમ હાથ પકડી સામે



કાંઠે લઈ ગયા. પછી તો એમની બીક ક્યાંય ઊડી ગઈ. ઊલટું કહે કે મને ફરી વાર લઈ જાઓ. બાકી બાબુભાઈ બહુ બીકણ. એ તો આ કાંઠે બેઠા ને કહે : "ભાઈ! મારે નથી આવવું. બૂડી જાઉં ને બાપુ, મારી બાને ખબર પડે તો મારી નાખે." બધાં કહે : "આ બધાં ક્યાં બૂડી જાય છે? ચાલો ને?"

પણ બાબુભાઈ તો ઊઠે જ નહિ! એ ને જમનાદાસ ને રમણીકલાલ ને કંકુબેન બધાં આ કાંઠે બેસી રહ્યાં. અમે બધાં સામે કાંઠે પહોંચી ગયાં એટલે પાછાં અમને પુલ ઉપરથી ઉપાડ્યાં. પહેલી વાર તો જરા બીક લાગી હતી પણ પછી બીજી વાર તો કોઈ પાણીમાંથી બહાર જ નીકળે તો કે?

સૌને આ કાંઠે લાવ્યાં. બધાં તરબોળ થઈ ગયાં હતાં. લૂગડાં કાઢીને નિચોવી નાખ્યાં. બધાં છોકરાં કહે : 'હવે નાગોડિયા થયા વિના નહિ ચાલે.' માથે ધાધરી ને ચોરણીઓ લઈને બધાં સૂકવતાં સૂકવતાં ચાલ્યાં.

સાંજ પડી ગઈ હતી. દૂરદૂર ડુંગરાની

પાછળ સૂરજ જતો હતો. પાણી તો બધું લાલ-લાલ થઈ ગયું હતું. અમે તો ત્યાં બાંકડા છે ને એના ઉપર અંધારું થઈ ગયું ત્યાં સુધી બેઠાં. પછી તો રાતું પાણી કાળું થઈ ગયું. ટેકરા-ખેકરા દેખાતા બંધ થઈ ગયા ને ચાંદો ઊગ્યો.

પછી અમે નીચે આવ્યાં ત્યાં મનુભાઈએ ભાડૂતી ગાડીઓ મંગાવેલી, એટલે તેમાં બેસીને ઘેર ગયાં.

★

# વિક્ટોરિયા પાર્ક

નર્મદાબેન કહે : 'ગિજુભાઈ! આપણે બાળકોને હવે વિક્ટોરિયા પાર્ક લઈ જઈએ. બોર બહુ સરસ થયા છે. રોજ છોકરાઓ કહે છે કે અમને બોર ખાવા લઈ જાઓ.'

'ચાલો ત્યારે, કરો નક્કી. ભાઈચંદ-ભાઈને કહો કે માબાપોને ચિઠ્ઠી લખી આપે કે કાલે વિક્ટોરિયા પાર્કમાં જવું છે માટે બાળક ને ભાતું આપે. બધાં બરાબર સાત વાગે મથક ઉપર હાજર થાય.'

નર્મદાબેન કહે : 'સાંજ સુધી રહીએ તો ઠીક. કંઈક ફરવાહરવાની મજા પડે. બે ઘડી

---
પાર્ક=ખાસ સાચવી રાખેલો શિકાર વગેરે માટેનો જંગલ જેવો ભાગ, રાન મથક=મુખ્ય સ્થાન

બાળકોને બોડતળાવ પણ લઈ જઈશું. છોકરાં ધરાઈને બોર પણ ખાય.'

મનુભાઈ કહે : 'પણ ભાતા ઉપર કાંઈ સાંજ સુધી રહેવાય?'

ગિજુભાઈ કહે : 'તો આપણે ખીચડી ને શાક, ને એવું બનાવીએ તો? ખીચડી ને શાક બનાવતાં વાર નહિ લાગે, ને ખાવાની મજા પડશે.'

તારાબેન કહે : 'હા ભાઈ! આપણે તો તમે કહો તેમ કરવા તૈયાર છીએ.'

સાડાસાત વાગે બધી ગાડીઓ વિક્ટોરિયા પાર્કમાં આવી ગઈ. છોકરાં બધાં ઊતરી પડયાં; પોટકાં મુકાઈ ગયાં; ઉતારો થઈ ગયો.

નર્મદાબેન કહે : 'ચાલો. પહેલાં ફરી આવીએ. પછી આવીને ભાતું ખાશું, ને પછી નિરાંતે ખીચડી ને શાક બનાવશું.'

ટુકડીઓ પડી ને ઊપડયાં બધાં ફરવા.

ચારેકોર બોર બોર! કેટલીય બોરડીઓ ને બોરડીને પાંદડે પાંદડે બોર. છોકરાંઓ તો માંડયાં બોર વીણવા. કાચાં ને પાકાં બોર વીણતાં



જાય ને મોંમાં નાખતાં જાય. પછી તો ખિસ્સાં ભર્યાં ને ધરાઈને પાછાં વળ્યાં.

વિક્ટોરિયા પાર્ક એટલે નાનું જંગલ. બાવળનો પાર નહિ. જેટલી બોરડી એટલા બાવળ. બીજાં ય કેટલાં બધાં ઝાડ. મોટાં મોટાં છોકરાં ઊપડયાં ઝાડીમાં ફરવા. પીંછાં વીણતાં જાય, પરડાં લેતાં જાય ને એકાદ સસલું જાળામાંથી ભડકીને ભાગે એટલે તો 'હો હો' કરતાં એની પાછળ દોડે! હરણ તો જ્યાં ત્યાં ફરતાં હોય. સામે રોઝ પણ મળે. રોઝ તો ખરેખર રોઝ! રોઝ જેમ જ ઊભું રહે. કહે છે ને કે 'રોઝડા જેવો.' આપણે હાંકીએ એટલે આપણી સામે જોયા કરે. આપણને લાગે કે કાંઈ સમજતું જ નથી!

ફરતાં ફરતાં છોકરાં માંડવા નીચે આવે. ગુલાબ ને ટીકડી ને એવાંએવાં કેટલાં યે ફૂલો ઊઘડયાં હોય. પતંગિયાં એનાં ઉપર ઊડાઊડ કરતાં હોય. માળી છોકરાંઓને બાગમાં જવા ન દે એટલે દૂરથી જોઈને બધાં પાછાં વળે.

બચુભાઈને મૂળજી ને એવા સૌથી મોટા છોકરા તો ક્યાંય નીકળી ગયા હોય. હાથમાં

લાકડાં લીધાં હોય, કોઈકે ભાલા બનાવ્યા હોય, કોઈકે ધનુષ્યબાણ કર્યાં હોય, કોઈકે ઘોડા કર્યા હોય; ઝરડાં જેવાં મોટાં લાકડાં વાંસે ઢસડઢસડ થતાં હોય.

તારાબેન, નર્મદાબેન અને અંબુબેન તો ક્યાંયનાં ક્યાંય પહોંચ્યાં હોય. ઠેઠ બાડતળાવને કાંઠે પગ બોળીને બેઠાં હોય; મોજાં ગણતાં હોય ને સામસામાં પાણી ઉડાડતાં હોય. ત્યાં બીજાં છોકરાં પહોંચે, કહેશે : 'કાં, અમે આવ્યાં કે નહિ? એકલાં એકલાં ચાલ્યાં ગયાં પણ અમે તમને કેવાં ખોળી કાઢ્યાં!'

છોકરાં ખોબેખોબે પાણી પીએ : 'હોઇયાં હોઇયાં!' બાડતળાવનું પાણી બહુ મીઠું. ભગવાનલાલ છાતી કાઢીને ઊભા રહે. મૂળજી ચાળા કર્યા વિના ન રહે; કોઈકને તો પાણી ઉડાડે જ તે.

પછી બધાં આવીએ સુંદરાવાસ ઉપર. અંદર બંગલામાં તો ઠીક છે. બધું રાજાના મહેમાનોને રહેવાનું ને બેસવાનું ને ઊઠવાનું મૂક્યું છે : ટેબલ ને ખુરશી ને કોચ. બાકી અંદર કોઈ કોઈ ચિત્રો બહુ સરસ છે. બહાર એક



મગરનું આખું ચામડું મૂક્યું છે; એવી રીતે ગોઠવ્યું છે કે આપણને લાગે કે એ આપણી સામે આવે છે. ઓશરીમાં ઊભા ઊભા આણીકોર વિક્ટોરિયા પાર્કનું બાવળનું જંગલ દેખાય. બાવળ બાવળ, બસ બાવળ જ બાવળ! ઓલીકોર ઊભા ઊભા જોઈએ તો બાડતળાવનું પાણી દેખાય : ક્યાંયનું ક્યાંઈ ગયેલું.

સુંદરાવાસથી છોકરાં પાછાં ફર્યાં ત્યારે તો ધોમ ધખ્યો હતો. ધૂળ પણ ઊની ઊની થઈ ગયેલી. ને પગ કાંઈ દાઝ્યા! બધાં દોડાદોડ ઊપડ્યાં. છોકરાંઓ તો પગે બળતાં જાય ને આગળ દોડતાં જાય; પણ મોટાં 'સૂ સૂ' કરતાં જાય ને ઊભાં રહેતાં જાય; પગ ચચવાળતાં જાય. જરાક દોડે ત્યાં થાકી જાય એટલે વળી ઊભાં રહે; એટલે વળી વધારે પગ બળે. જેમ તેમ કરી બધાં ઉતારે આવ્યાં, ભાતાં ખાધાં, પાણી પીધાં ને પછી લાંબાં થઈને સૂતાં.

આણીકોર નર્મદાબેને ખીચડી ને શાક મૂકી દીધાં. બે વાગ્યા ત્યાં બધાં ભૂખ્યાં થઈ ગયાં.

---

ધોમ=સૂરજ=સખત તડકો ધખવું=ખૂબ ગરમ થવું

બધાં હારબંધ બેસી ગયાં. પત્રાવળામાં ખીચડી ને પડિયામાં શાક પીરસાયું : રીંગણાં-બટેટાનું શાક. પછી ખાધાં ખીચડી ને ઘી : પેટ ફાટાફાટ. ખીચડી તો કાંઈ મીઠી લાગી!

પછી તડકામાં કોણ ફરવા જાય? તો ય છોકરાં કાંઈ બેસી રહે? ઝાડે ચડીને હીંચક્યાં. કૂવા પાસે કૂંડી હતી એમાં ખૂબ ખૂબ નાહ્યાં ને જેમતેમ કરી સાંજ પાડી. સાંજે સૌ ઘેર આવ્યાં.

★